## ઉધના સીલીકોન શોપર્સમા ખંડણી માટે ધમકી આપી ફાયરીંગ કરવાના ચર્ચાસ્પદ ગુન્હાનો ભેદ ઉકેલી, તમામ આરોપીઓ તથા હથિયાર કબજે કરતી ઉધના પોલીસ.

ઉધના પોલીસ સ્ટેશન I ગુ.ર.નં. ૯૬/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૦૭, ૩૮૫, ૧૧૪ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧બી)એ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના કામનો ગુન્હો તા.૧૯/૦૬/૨૦૧૮ ના રોજ દાખલ થયેલ છે. આ કામના ફરીયાદીશ્રી અશોકભાઇ બાલચંદ શાહ ઉવ.૪૪ ધંધો. ઇલેક્ટ્રીક(LED બલ્બ)નો વેપાર ઉધના સીલીકોન શોપર્સ ખાતે કરે છે. જેમના ઉપર એક અજાણ્યો ઇસમ ઉ.વ. ૩૫ થી ૪૦ વર્ષનો જે કાળા કલરનુ હેલ્મેટ પહેરીને મોંઢુ રૂમાલથી બાંધીને ફરી.ની દુકાનના દરવાજામાં ઉભા રહી ફરીયાદી ઉપર પોતાની પાસેની નાની ગન (પિસ્તોલ) તાકીને બે રાઉન્ડ ફાયરીંગ કરી નાશી ગયેલ હોય અને આ બનાવના સમય અગાઉ જ આ કામના સાહેદ ભીખમચંદ જૈન જેઓની ઓફીસ ફરીયાદીના ઓફીસની નજીકમાં સામે આવેલ હોય જેમના મોબાઇલ ઉપર બે કરોડ રૂપીયાની ખંડણીની માંગણી કરી તેઓને ધમકી આપી તેમજ બનાવ બાદ પણ ધમકી આપી ગુનો કરેલ હોય જે ગુન્હો વણશોધાયેલ હોય, જે ઉધના પો.સ્ટે. તથા CCTV ટેકનીકલ ટીમ તેમજ અલગ અલગ ટીમ બનાવી ગુન્હો શોધી કુલ ચાર આરોપી (૧) પ્રખર પ્રતિક ખન્ના તથા (૨) સચ્ચુ ઉર્ફે કરણ s/o રામઅવતાર ફકીરા રાય રહેવાસી. વેસુ સુરત તથા (૩) જીગર નિતીનભાઇ પટેલ રહેવાસી. વરાછા, સુરત (૪) યોગેશ્વર મનોજભાઇ મૈસુરીયા રહેવાસી, મલેકપુર પલસાણા અટક કરેલ છે. તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ડીટેન કરી પ્રસંશનિય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ આરોપીએ ગુન્હામાં ઉપયોગમાં લીધેલ દેશી બનાવટની પિસ્તલ રૂ.૪૦,૦૦૦/-ની મળી આવેલ હોય જે ગુન્હાના કામે કબ્જે કરેલ છે. તેમજ આ આરોપીઓ પૈકી (૧) સચ્ચુ ઉર્ફે કરણ s/o રામઅવતાર ફકીરા રાય રહેવાસી. વેસુ સુરત તથા (૨) પ્રખર પ્રતિક ખન્ના વિરૂધ્ધ ખટોદરા પો.સ્ટે. I ગુ.ર.નં. ૨૩૪/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૫૬,૩૭૯,૧૧૪ મુજબ ચીલઝડપનો ગુન્હો દાખલ થયેલ હોય જે વણશોધાયેલ હોય જે ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

## પાર્ક કરેલી ફોર વ્હીલ ગાડીઓના દરવાજો ખોલી રૂપિયાની ચોરી કરનાર બે ઈસમોને ગણતરીના દિવસોમાં પકડી પાડતી ચોકબજાર સર્વેલન્સ સ્ટાફની ટીમ

ચોકબજાર પો.સ્ટે I ગુ.ર.નં ૧૪૧/૨૦૧૮ ઈ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે ફરીયાદી બેંકમાંથી રોકડા રૂપિયા ૮૦,૦૦૦/- ઉપાડી પોતાના ઘરે જતી વખતે સીંગણપોર ચાર રસ્તા અક્ષરદિપ શોપિંગ સેન્ટરની સામે રોડ ઉપર આવેલ ફ્રુટની લારી પાસે પોતાની ગાડી રોડ ઉપર પાર્ક કરી ફ્રુટ લેતા હતા તે વખતે એક ટુ વ્હિલ બાઈક પર આવેલ બે અજાણ્યા ચોર ઈસમો ગાડીનો દરવાજો ખોલી સદર રૂપિયા ભરેલ થેલીની ચોરી કરી નાસી જઈ ગુનો કરેલ જે ગુન્હાના કામે અત્રેના પો.સ્ટે.ના પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી આરોપીની તથા ગુનામાં વપરાયેલ મોટર સાયકલની તપાસ કરી કરાવતા અ.હે.કો.હર્ષદસિહ મંગળુભાઈ તથા અ.પો.કો. અમિત બિરેન્દ્રસિહ નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળતા સદર ગુન્હાના કામે ચોરી કરનાર બે ઈસમો તેમની પાસેની ડીસ્કવર મો.સા.નં.GJ-05-HD-9333 ઉપર બેસી સુએજ ટ્રીટમેન્ટ પાસેથી નિકળનાર છે. તેવી બાતમીની હકિકતના આધારે આરોપી(૧) આનંદકુમાર ઉર્ફે રાજાકુમાર તુલસીરામ ડોહરે ઉવ-૨૦ તથા(૨) તુલસીરામ મોહનલાલ ડોહરે ઉવ-૫૦ બન્ને-રહે-ઘર નં-૪૭, વિશ્રામનગર મુકેશભાઈ ડોહરેના મકાનમાં લક્ષ્મી ડેરીની બાજુમાં વેડ રોડ, સુરત નાઓને પકડી પાડી તેઓની યુક્તિ પ્રયુક્તિથી પુછપરછ કરતા બન્ને ઈસમોએ ઉપરોક્ત ગુનાની કબુલાત કરતા હોય અને તેઓની પાસેથી ચોરીમાં ગયેલ રોકડા રૂપિયા ૮૦,૦૦૦/- ના મત્તાનો મુદ્દામાલ કબજે કરી બન્ને આરોપીઓને અટક કરી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**અડાજણ સુડા આવાસમાં સને ૨૦૧૬ તેમજ સને ૨૦૧૮ ની બે ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલતી સુરત શહેર ક્રાઇમબ્રાંચ :-**

સુરત શહેરમાં અનડીટેકટ રહેલા ઘરફોડ ચોરીઓના ગુન્હાઓ શોધી કાઢવા સુરત શહેર ક્રાઇમ બ્રાંચની ટીમ DCP તથા ACP શ્રી ક્રાઇમની સુચનાથી P.I. શ્રી ડી.સી.બી.ના માર્ગદર્શન હેઠળ PSI શ્રી વી.જે.ચાવડા તથા ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ માણસો કામગીરીમાં રોકાયેલા હતા. દરમ્યાન PC ધર્મેન્દ્ર કિશનભાઇ તથા HC ભરતસિંહ જોરૂભાને મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપી (૧) અજય ઉર્ફે ગોલ્ડન S/O સુભાષ જગતાપ, ઉ.વ.૨૦, રહે.ઘર નં.એચ/૧, બિલ્ડીંગ નં.૨૪/એ, ફ્લેટ નં.૨, એસ.એમ.સી. આવાસ, કોસાડ, અમરોલી, સુરત (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને આજ રોજ અમરોલી કોસાડ આવાસ એચ/૧, ગેટ નં.૧, ની સામેથી સોનાના દર દાગીના પૈકી મંગળસુત્ર નંગ.૨, સોનાનો હાર નંગ.૧, વીટી નંગ.૨, કંગન નંગ.૧, ચેઇન નંગ.૧, કડી, બુટી તેમજ ચાંદીની પાયલ મળી કૂલ દાગીના કિં.રૂ. ૨,૩૯,૨૭૦/- તથા એક સેમસંગ કંપનીનો J2 મોડલનો મોબાઇલ ફોન કિં.રૂ.૫૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ. ૨,૪૪,૨૭૦/- ની મત્તાની સાથે શંકાસ્પદ હાલતમાં મળી આવતા આરોપી અજય ઉર્ફે ગોલ્ડનને અટક કરી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ડીટેઇન કરવામાં આવેલ હતા.

બંનેની પુછ પરછ દરમ્યાન આરોપી અજય ઉર્ફે ગોલ્ડન તેમજ બાળ કિશોર સાથે ભેગા મળીને આજથી વીસ બાવીસ દિવસ પહેલા અડાજણ રાજ કોર્નર પાસે આવેલ સુડા આવાસ બિલ્ડીંગ નં.૪ માં ત્રીજા માળે રાત્રીના સમયે એક ઘરના દરવાજાના નકુચાને લોખંડના પાના વડે બળ કરી, તોડી ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના મંગળસુત્ર, હાર તથા એક વીટી તેમજ એક સેમસંગ કંપનીનો મોબાઇલ ફોન ચોરી કરેલ જે અગે અડાજણ પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૨૮/૨૦૧૮ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો રજિસ્ટર થયેલ છે.

આ ઉપરાંત આરોપી અજય ઉર્ફે ગોલ્ડને સને ૨૦૧૬ માં તેના અન્ય સાગરીત સાથે અડાજણ, રાજ કોર્નર પાસે સુડા આવાસ ઘર નં.૧૫/૫૦૪ માં દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશ કરીને સોનાનુ મંગળસૂત્ર, વીંટી, કંગન, ચેઇન, કડી, બુટ્ટી તેમજ ચાંદીની પાયલ નંગ.૨ વિગેરેની ચોરી કરેલ જે અંગે અડાજણ પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૪૦/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો રજિસ્ટર થયેલ છે. તે મુદ્દામાલ પણ મજકૂર અજય ઉર્ફે ગોલ્ડનના કબ્જામાંથી રીકવર કરવામાં આવેલ છે.

**M.O.:-** રાત્રીના સમય દરમ્યાન આરોપી અજય ઉર્ફે ગોલ્ડન તેમજ બાળ કિશોર લોખંડનુ પાનું તેમજ પેચીયું સાથે રાખી તાળા બંધ દરવાજાના નકુચાને લોખંડના પાના વડે તોડી, ઘરમાં પ્રવેશ કરી, ઘરફોડ ચોરી કરવાની M.O. ધરાવે છે.

સદરહું કામગીરી ડી.સી.બી.ની ટીમના PSI શ્રી વી.જે.ચાવડા તથા HC અનિલભાઇ રઘુનાથ તથા HC કાંતિલાલ બાલકિશન તથા HC ભરતસિંહ જોરૂભા તથા HC જયેશ ગંગાધર તથા HC અભયસિંહ વજેસંગભાઇ, HC ચેલાભાઇ હાજાભાઇ તથા PC ધર્મેન્દ્ર કિશનભાઇ નાઓએ કરેલ છે.

# સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં રાત્રી દરમ્યાન ઘરફોડ ચોરીને અંજામ આપતા ઇસમને ઝડપી પાડી, સુરત શહેરના અલગ અલગ પો.સ્ટે. ના કુલ્લે ૧૫ ઘરફોડ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી ડીંડોલી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ટાફની ટીમ.

નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ નાઓની સુચનાથી તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી ડીવિઝન નાઓના માર્ગદર્શન હેઠળ ડીંડોલી પોલીસ માણસોની અલગ અલગ ટીમ બનાવી ડીંડોલી પો.સ્ટે વિસ્તારમાં દિવસ/રાત્રીની ઘરફોડ ચોરી તથા શરીર સંબંધીના અનડીટેકટ ગુન્હા શોધી કાઢવા સારૂ ડી-સ્ટાફ ઇન્ચાર્જ પ્રો.પો.સ.ઇ જે.પી.સોલંકી સાથે પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન અ.પો.કો.રાઘવભાઇ કરશનભાઇ તથા અ.પો.કો હેમંતભાઇ ખીમાભાઇ તથા અ.પો.કો. જીગ્નેશ બાબુભાઈ તથા અ.પો.કો. આનંદ રત્નાભાઇ નાઓને મળેલ સંયુકત-ખાનગી બાતમીના આધારે આરોપી નામે આઝાદસીંગ ઉર્ફે ધનરી S/O બાદલસીંગ તેજાસીંગ ટાંક (ચીકલીગર) ઉ.વ.૨૭ રહે. ઇ/૧૨/૫, ભેસ્તાન આવાસ ડીંડોલી સુરતનાને પકડી તેની પાસેથી ચાંદીના સિક્કા નંગ-૬ કી.રૂ.૨૪૦૦/- તથા રોકડ રૂપિયા ૫૨૦૦/- કબ્જે કરી યુક્તિ પ્રયુક્તિથી વધુ પુછપરછ કરતા ડિડોલી તેમજ સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાં રાત્રીના સમયે ચોરીની ફોર વ્હિલ ગાડીમા આવી બંધ મકાનને ટાર્ગેટ કરી, દરવાજાના નકુચા તોડી, ઘરમા પ્રવેશ કરી, ઘરફોડ ચોરીને અંજામ આપતા હોવાની કબુલાત કરેલ છે તથા તમામ ઘરફોડ ચોરીનો સોના-ચાંદીનો મુદ્દામાલ સોની વૈભવ ઉર્ફે વીક્કી નટવરભાઇ દુસાણે ઉ.વ.૩૦ રહે.બી-૧૩, ૩૭૯, રાજઅભીષેક એપાર્ટમેન્ટ, સચીન, સુરતનાને વેંચેલ હોવાની કબુલાત કરતા મજકુર સોની વૈભવ ઉર્ફે વીક્કી નટવરભાઇ દુસાણેને પકડી પાડી તેની પાસેથી ચોરીની સોનાની રુદ્રાક્ષના મણકાવાળી માળા કીં.રૂ.૩૭૮૦૦/-ની કબ્જે કરેલ છે.

**<u>ડીટેક્ટ કરેલ ગુન્હાની વિગત -</u>**

(૧) ડિંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૪૮/૧૭ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦(૨) ડિંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૯૧/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦(૩) ડિંડોલી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૧૦/૧૮ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦(૪)સચીન પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૬૮/૧૮ ૪૫૪,૪૫૭,૩૮૦(૫) રાંદેર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૬૮/૧૫ ઇપીકો ૪૫૪,૪૫૭,૩૮૦(૬) રાદેર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૨૦/૧૭ ઇપીકો ૪૫૭,૩૮૦(૭) સરથાણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૭૫/૧૬ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦(૮) સરથાણા પો.સ્ટે. ફસ્ટ ૧૦૦/૧૬ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦(૯) ખટોદરા પો.સ્ટે. ફસ્ટ ૩૫/૧૮ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦(૧૦) ખટોદરા પો.સ્ટે. ફસ્ટ ૧૨૧/૧૮ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦(૧૧) ખટોદરા પો.સ્ટે. ફસ્ટ ૧૮૫/૧૮ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

**<u>નીચે મુજબના પો.સ્ટે.ના ગુન્હામા નાસતો ફરતો છે.</u>**

(૧) રાંદેર પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં. ૫૯/૧૫ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦,૧૧૪(૨) ખટોદરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૮૬/૧૫ ઇપીકો કલમ ૩૭૯(૩) પાંડેસરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૨૯/૧૩ ઇપીકો કલમ ૩૭૯.૩૫૬.૧૧૪ (૪) પાંડેસરા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૩૦/૧૩ ઇપીકો કલમ ૩૭૯

**<u>ગુન્હાની એમ.ઓ</u>** – પકડાયેલ આરોપી સુરત શહેરના અલગ અલગ વિસ્તારમા રાત્રીના સમયે ચોરીની ફોર વ્હિલ ગાડીમાં આવી બંધ મકાનને ટાર્ગેટ કરી, દરવાજાના નકુચા તોડી, ઘરમા પ્રવેશ કરી, ઘરફોડ ચોરી કરવાની ટેવવાળો છે.

**<u>ગુનાહીત ઇતિહાસ –</u>** (૧) નવસારી જીલ્લામાં ઘરફોડ ચોરી તેમજ વાહન ચોરીના ૧૫ ગુન્હામાં અગાઉ પકડાયેલ છે.

(૨) સુરત શહેર/સુરત રૂરલમાં ૨૧ ઘરફોડ ચોરી તેમજ ૧૦ વાહન ચોરીના ગુન્હામાં અગાઉ પકડાયેલ છે.

ઉપરોકત કામગીરી ડીંડોલી પો.સ્ટે.ના સર્વેલન્સ સ્ટાફના પ્રો.સ.ઇ. જે.પી.સોલંકી તથા એ.એસ.આઈ દેવીસિંહ લાલસિંહ,એ.એસ.આઇ. રમેશભાઇ વીઠ્ઠલભાઇ તથા અ.હે.કો રાજેન્દ્રસિંહ પંચમસિંહ, અ.હે.કો. રાજેન્દ્રભાઇ કેશવભાઇ, અ.હે.કો હીતેન્દ્રસિંહ અમરસિંહ, અ.હે.કો.ઉન્નેશભાઇ આલુભાઇ તથા અ.પો.કો. હીમ્મતભાઇ ખીમાભાઇ, અ.પો.કો.રાઘવભાઇ કરશનભાઇ, અ.પો.કો. જીગ્નેશ બાબુભાઈ, અ.પો.કો.રમેશભાઇ ઓઘડભાઇ, અ.પો.કો.નીમીતભાઇ ઘનશ્યામભાઇ, અ.પો.કો. નવલસંગભાઇ ગોવીંદસિંહ, અ.પો.કો. ગુલાબભાઇ માનસિંહ, અ.પો.કો. સુરેશભાઇ દામોદરભાઇ, અ.પો.કો. આનંદ રત્નાભાઇ નાઓએ ટીમ વર્કથી કરેલ છે.